RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 157, Dt.17-09-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દિલ્હીના નવા મુખ્યમંત્રી બનશે આતિશી

## દિલ્હીની જનતાની અગ્નિપરીક્ષા પસાર કરીને જ ફરી સીએમ બનવા કેજરીવાલની જાહેરાતના પગલે નેતૃત્વમાં બદલાવઃ દિલ્હીના નવા મુખ્યમંત્રી પદે કેજરીવાલના વિશ્વાસુ અને સરકારમાં નંબર-૨ સ્થાન ધરાવતા આતિશી પર પસંદગી ઢોળતો આમ આદમી પક્ષ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દિલ્હીમાં શરાબકાંડના પગલે ખરડાયેલી છબીને ફરી કટ્ટર ઈમારદાર તરીકે બનાવવા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રાજીનામુ આપવા નિર્ણય લીધા બાદ આજે આમ આદમી પાર્ટીના ધારાસભ્યોની મળેલી બેઠકમાં રાજ્યના શિક્ષણ અને નાણા મંત્રી આતિશીને સર્વાનુમતે વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવતા તેઓ હવે અરવિંદ કેજરીવાલના સ્થાને દિલ્હીના નવા મુખ્યમંત્રી બનશે.

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયાની દિલ્હીની સરકાર ચલાવવા આતિશીની ભૂમિકા મહત્વની રહી હતી અને ફરી એક વખત અરવિંદ કેજરીવાલે તેમના પર વિશ્વાસ મુકીને મુખ્યમંત્રી તરીકે જવાબદારી સોંપી છે.

બે દિવસ પહેલા જ કેજરીવાલે જાહેર કર્યું હતું કે જનતાની અદાલતમાં તેઓ સ્વચ્છ સાબિત ન થાય ત્યાં સુધી તેઓ મુખ્યમંત્રી પદ નહીં સંભાળે અને પાટનગરમાં હવે આગામી ફેબ્રુઆરી માસમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ રહી છે તેમાં કેજરીવાલની અગ્નિપરીક્ષા થશે.

બીજી તરફ આજે સાંજે ૪-૩૦ કલાકે કેજરીવાલ પોતાનું રાજીનામુ લેફ. ગવર્નર વિનય સકસેનાને સુપ્રત કરશે અને સાથોસાથ વિધાનસભાના નવા નેતા તરીકે આતિશીની નિયુક્તિ થઈ છે. તે દર્શાવતો પત્ર પણ સુપ્રત કરશે જેના પગલે હવે લેફ. ગવર્નર આતિશીને નવી સરકાર રચવા આમંત્રણ આપશે તેવા સંકેત છે.

તા.૨૬ અને ૨૭ સપ્ટેમ્બરે દિલ્હી વિધાનસભાનું ખાસ સત્ર બોલાવાયું છે અને તેમાં નવી સરકાર વિશ્વાસ મત મેળવવાની ઔપચારિકતા પુરી કરશે તે સાથે દિલ્હી મંત્રી મંડળનું વિસ્તરણ પણ થશે તેવા સંકેત છે.

કેજરીવાલ અને સીસોદીયા બંને હવે મંત્રી મંડળમાં નહીં હોય અને તેથી જ તેના સ્થાને નવા મંત્રીઓ ઉમેરાય તેવી શક્યતા છે. જે અંગે પણ આગામી એક કે બે દિવસમાં જ નિર્ણય લઈ લેવાશે.

દિલ્હીમાં અરવિંદ કેજરીવાલના જેલવાસ સમયે સરકાર ચલાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર આતિશી



પાટનગરના સૌથી યુવા મુખ્યમંત્રી બની રહ્યા છે. તેઓએ દિલ્હી યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએશન કર્યુ છે અને બાદમાં ઓક્સફોર્ડ યુનિ.માં ઈતિહાસમાં માસ્ટર ડીગ્રી મેળવી છે આમ ઉચ્ચ શિક્ષીત ત્રીજા મહિલા મુખ્યમંત્રી મળ્યા છે. તેમનું પુરું નામ આતિશી માર્લેનાસિંઘ છે. તેઓ કાલકાજી દિલ્હીના ધારાસભ્ય છે અને હાલ સરકારમાં નાણાં, શિક્ષણ, જાહેર બાંધકામ સહિતના વિભાગો સંભાળી રહ્યા છે. તેઓએ ઓકસફોર્ડ યુનિવર્સિટીમાં રોડ્સ સ્કોલર તરીકે પણ કામગીરી કરી છે અને અનેક આંદોલનોમાં જોડાયા હતાં.

આતિશીએ જુલાઈ ૨૦૧૫ થી ૧૭ એપ્રિલ ૨૦૧૮ સુધી શિક્ષા માટે મનીષ સિસોદિયાના સલાહકારના રૂપે કામ કર્યુ છે. આતિશી ૨૦૧૫ માં મધ્ય પ્રદેશના ખંડવા જિલ્લામાં જળ સત્યાગ્રહમાં પણ સામેલ હતાં. તે વિરોધ પ્રદર્શનની સાથોસાથ કાયદાકીય લડાઈ દરમિયાન પણ એક્ટિવ રહ્યાં. ૨૦20 ની વિધાનસભા ચૂંટણી બાદ પાર્ટીએ આતિશીને ગોવાના પ્રભારી બનાવ્યાં.

## CBSE સ્કૂલોમાં ૯મા અને ૧૧મા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન પ્રક્રિયા આવતીકાલથી શરૂ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

CBSE સ્કૂલોમાં ૯મા અને ૧૧મા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન પ્રક્રિયા આવતીકાલથી શરૂ થશે અને ૧૬મી ઓક્ટોબર સુધી ચાલશે. તેના માટે રજીસ્ટ્રેશન વિન્ડો ખુલ્યા બાદ સ્કૂલો વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ વખતે વિદ્યાર્થીઓની જન્મ તારીખ ભરતી વખતે સ્કૂલોએ ખૂબ કાળજી રાખવી પડશે કારણ કે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ ૨૦૨૫-૨૬ની વાર્ષિક પરીક્ષાઓ માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરતા પહેલા નવા દિશા-નિર્દેશો જાહેર કર્યા છે. બોર્ડે કહ્યું કે હવે વિદ્યાર્થીઓની જન્મ તારીખ નોંધવાની પેટર્નમાં ફેરફાર કરવો પડશે. તે પ્રમાણે જન્મતારીખનો દિવસ અને વર્ષ નંબરોમાં લખવામાં આવશે, જ્યારે મહિનો અક્ષરોમાં લખવામાં આવશે. ઉદાહરણ તરીકે જો વિદ્યાર્થીની જન્મ તારીખ ૧લી ફેબ્રુઆરી ૨૦૦૫ છે તો તેને 01-FEB-2005 તરીકે નોંધવામાં આવશે. બોર્ડે આ વખતે બીજા પણ કેટલાક ફેરફાર કર્યા છે. હવે એક વખત વિદ્યાર્થીનો ડેટા બોર્ડને મોકલી દીધા બાદ તેમાં કોઈ પણ પ્રકારનો સુધારો કરી શકાશે નહીં. આ પહેલા સ્કૂલ પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓ અથવા તો તેમના માતાપિતાની વિનંતી પર જન્મ તારીખ અથવા નામમાં સુધારો કરી દેતી હતી. આ પ્રક્રિયાને કારણે બોર્ડને ડેટા સુધારવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. હવે આ સુધારો પરીક્ષાઓના પરિણામ જાહેર થયા બાદ જ કરી શકશે. આ ફેરફારથી CBSE ને ડેટા મેનેજમેન્ટમાં સરળતા રહેશે અને પરીક્ષા પ્રક્રિયા વધુ સરળ રીતે ચાલશે. CBSEના આ ફેરફાર પાછળનો ઉદ્દેશ્ય જન્મતારીખની નોંધણી કરવામાં થતાં ભ્રમ ઘટાડવાનો છે. સ્કૂલોએ પણ બોર્ડના આ નિર્ણયની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે પહેલા આખી




જન્મતારીખ અંકોમાં નોંધવામાં આવતી ત્યારે ઘણી ગેરસમજ થતી હતી. ખાસ કરીને દેશના જુદા જુદા ભાગોમાં અલગ-અલગ તારીખના ફોર્મેટ (DD-MM-YY A“¡ MM-DD-YY)નો ઉપયોગ કરવામાં આવતો હતો જેના કારણે એ નક્કી કરવું મુશ્કેલ બની જતી હતું કે, જન્મતારીખ કયા ફોર્મેટમાં લખવામાં આવી છે.

## કેરળમાં નિપાહ વાયરસના પ્રકોપથી કોરોના જેવો માહોલઃ કન્ટેન્મેન્ટ ઝોનમાં સ્કુલો, સિનેમા હોલ બંધ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેરળમાં હાલમાં જ નિપાહ વાયરસથી ૨૪ વર્ષિય યુવકનું મોત થતા સરકાર એકશનમાં આવી ગઈ છે. કેરલ સરકાર એકશનમાં આવી ગઈ છે. કેરલ સરકારે મલપ્પુરમમાં અનેક કન્ટેન્ટમેન્ટ ઝોન બનાવ્યા છે અને તેમાં પ્રતિબંધ લગાવી દીધા છે. મલપ્પુરમ જીલ્લાની બે પંચાયતોનાં પાંચ વોર્ડને કન્ટેન્મેન્ટ જાહેર કરવામાં આવ્યા છે અને મોટી સંખ્યામાં લોકોને એકત્ર ન થવાની સલાહ આપવામાં આવી છે. નિપાહ વાયરસનાં ઝડપથી ફેલાવાને કારણે જીલ્લા અધિકારીઓએ કન્ટેન્મેન્ટ ઝોનમાં દુકાનો સાંજે ૭ વાગ્યા સુધીમાં બંધ કરવાનું કહ્યું છે. કન્ટેન્મેન્ટ ઝોનમાં દુકાનો સાંજે ૭ વાગ્યા સુધીમાં બંધ કરવાનું કહ્યું છે. કન્ટેન્મેન્ટ ઝોનમાં સીનેમા હોલ, સ્કુલ, કોલેજ, મદરદા, આંગણવાડી, અને ટ્યુશન સેન્ટર બંધ કરી દેવામાં આવ્યા છે. લગ્નોમાં ભાગ લેનારાઓની સંખ્યા પણ ઓછી કરી દેવાઈ છે. દરમ્યાન જીલ્લામાં આંશીક પ્રતિબંધ લગાવાયા છે.અધિકારીઓએ લોકોને



જાહેર સ્થળો પર માસ્ક પહેરવાનું કહ્યું છે. રાજયનાં સ્વાસ્થ્ય મંત્રી વીના જયોર્જે જણાવ્યું હતું કે નિપાહ વાયરસથી મૃતકનાં સંપર્કમાં આવેલા ૧૭૫ જેટલા લોકોને આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. જેમાં ૭૪ સ્વાસ્થ્ય કર્મીઓ પણ છે. ઉલ્લેખનીય છે કે, કોઝીકોડ જીલ્લામાં વર્ષ ૨૦૧૮, ૨૦૨૧ અને ૨૦૨૩ માં અને અર્નાકુલમ જીલ્લામાં ૨૦૧૯ માં નિપાહ વાયરસનો પ્રકોપ જોવા મળ્યો હતો.

## સરકાર-સંગઠનની ત્રુટિઓથી નારાજ PM મોદીએ રાજભવનમાં નેતાઓના 'ક્લાસ' લીધા, પૂરનો રિપોર્ટ માંગ્યો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાતમાં છેલ્લા ઘણાં મહિનાઓથી સર્જાયેલી અજંપાભરી રાજકીય પરિસ્થિતિ, કેટલાક ધારાસભ્યો અને નેતાઓનો જાહેરમાં બફાટ કર્યા હતા. આ ઉપરાંત વડોદરાના પૂર તેમજ અન્ય જિલ્લાઓમાં ભારે વરસાદના કારણે સર્જાયેલી સમસ્યા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રદેશ નેતાઓના ક્લાસ લીધા હતા.

રાજભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિનિયર મંત્રીઓ, પાર્ટીના નેતાઓ અને અધિકારીઓ સાથે અલગ-અલગ મંત્રણા કરી હતી. ગુજરાતની મુલાકાત દરમિયાન તેમણે સરકારના વહીવટી તંત્ર અને સંગઠનની પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો અને કેટલાક મુદ્દે નારાજગી વ્યક્ત કરી ગંભીર નોંધ લીધી હતી. જીએમડીસીનો કાર્યક્રમ પૂર્ણ થયા પછી રાજભવન આવીને વડાપ્રધાન મોદીએ સિનિયર મંત્રીઓ, પાર્ટીના પ્રદેશ નેતાઓ અને સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે મંત્રણા કરી હતી.

સૂત્રો પાસેથી એવું જાણવા મળ્યું હતું કે રાજ્યમાં ભ્રષ્ટાચારની ફરિયાદોમાં તત્કાલ કડક પગલાં લેવા વડાપ્રધાન મોદીએ તાકીદ કરી છે. પૂર અસરગ્રસ્તોને સમયસર રાહત સહાય મળે અને સ્થિતિ ઝડપથી પૂર્વવત્ થાય તેવી તાકીદ અધિકારીઓને કરી છે. તેમણે કેબિનેટના વિસ્તરણ અને નવત્પ્રદેશ પ્રમુખની વરણી અંગે મુખ્યમંત્રી અને કાર્યકારી પ્રદેશ પ્રમુખ સાથે પરામર્શ કર્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ગુજરાતમાં આવનારા દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી આવી રહી છે. ત્યારે વડાપ્રધાન મોદીએ સરકાર અને



સંગઠન વચ્ચે સંકલનમાં રહીને કામ કરવાની તાકીદ કરી છે. એવી હૈયાધારણ આપી હોવાનું કહેવાય છે કે તેઓ રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા સાથે મંત્રણા કરીને બને તેટલી ઝડપથી નવા પ્રદેશ પ્રમુખની વરણી અંગે વિચારણા કરાશે.

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ ગુજરાત ભાજપનો હવાલો પણ સંભાળી રહ્યાં છે ત્યારે પાર્ટીમાં એક વ્યક્તિ એક હોદ્દાનો અમલ કરવા ગણગણાટ વધી રહ્યો છે. તે જોતાં હાઈકમાન્ડ ગુજરાતનો મામલો હાથ પર લઈ શકે છે. કેન્દ્ર અને રાજ્યની વિવિધ યોજનાઓમાં રાજ્યના વહીવટી તંત્રને મોદીએ સ્પષ્ટ કેટલાક નિર્દેશો આપ્યા છે. રાજભવનની આ બેઠકમાં વડાપ્રધાન મોદી જે પ્રશ્નો પૂછ્યા હતા તેનો તેમણે સ્પષ્ટ ઉત્તર માગ્યો હતો.

## અંતે મમતા સરકાર ડોકટરોના દબાણ સામે ઝુકી ત્રણ માંગણી સ્વીકારી પોલીસ કમિશ્નરને હટાવાયા

### જોકે સંપૂર્ણ માંગણીઓ ન સ્વીકારાય ત્યાં સુધી હડતાલ યથાવત રાખવાની ડોકટરોની જાહેરાત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હડતાળ પર બેઠેલા જૂનિયર ડોક્ટરો સાથે વાત કર્યા બાદ મમતા સરકારે તેમની માંગણીઓ સ્વીકારી લીધી છે અને મેડિકલ એજ્યુકેશન ડાયરેક્ટર અને હેલ્થ સર્વિસના ડાયરેક્ટરને હટાવી દીધા છે.મમતાએ તબીબોને આશ્વાસન આપતા કહ્યું કે મંગળવારે સાંજે ૪ વાગ્યા સુધીમાં કોલકત્તા પોલીસ કમિશનરને હટાવી દેવામાં આવશે અને વિનીત ગોયલની જગ્યાએ નવા સીપી ચાર્જ સંભાળશે. તેમજ મંગળવારે સુપ્રીમ કોર્ટની સુનાવણી બાદ ઘણા મોટા ફેરફારો થશે. ડોકટરોએ મમતા સરકાર પાસે પાંચ માંગણીઓ કરી હતી જેમાંથી ત્રણ માંગણી સરકારે સ્વીકારી છે. સરકારના નિર્ણય પછી ડોકટરોએ પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરી છે કે, તેઓ હડતાલ યથાવત રાખશે કારણ કે તેમની સંપૂર્ણ માંગણીઓ હજુ સુધી સ્વીકારવામાં આવી નથી.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું હતું કે કોલકાતા પોલીસના ડેપ્યુટી કમિશનર (ઉત્તર), જેમની સામે પીડિત પરિવારે લાંચનો આરોપ મુક્યો હતો, તેમને પણ હટાવવામાં આવશે. જૂનિયર ડોક્ટરોની માંગને જોતા કોલકાતા પોલીસ કમિશનર વિનીત કુમાર ગોયલે બેઠકમાં કહ્યું કે તેઓ રાજીનામું આપવા તૈયાર છે. વિનીત સાંજે ૪ વાગ્યે નવા પોલીસ કમિશનરને જવાબદારી સોંપશે. મુખ્યપ્રધાને જણાવ્યું હતું કે બેઠક 'સકારાત્મક' હતી અને સરકારે ડોકટરોની પાંચમાંથી ત્રણ માંગણીઓ સ્વીકારી હતી અને જૂનિયર ડોક્ટરોને કામ પર પાછા ફરવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું, ''મેં આંદોલનકારી ડોકટરોને કામ પર પાછા ફરવાની અપીલ કરી છે કારણ કે તેમની



પાંચમાંથી ત્રણ માંગણીઓ સ્વીકારવામાં આવી છે. વિરોધ કરી રહેલા ડોકટરો સામે કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે નહીં. મમતા સરકારે આરોગ્ય ક્ષેત્રના માળખાકીય સુવિધાઓ સાથે સંબંધિત તમામ બાબતોની સુનાવણી માટે મુખ્ય સચિવના નેતૃત્વમાં એક સમિતિની રચના કરી છે અને કહ્યું છે કે અમે ડેપ્યુટી કમિશનર (ઉત્તર) ને પણ હટાવવાનો નિર્ણય લીધો છે.રાજ્ય પ્રશાસને અમારી મોટાભાગની માંગણીઓ સ્વીકારી લીધી છે એ વાત સાચી, પરંતુ આરોગ્ય વિભાગમાં ભ્રષ્ટાચારનો મુદ્દો ચર્ચાયો હતો. પરંતુ જ્યાં સુધી આવું નહીં થાય ત્યાં સુધી અમે વિરોધ પ્રદર્શન યથાવત રાખીશું. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી બાદ અમે કામ બંધ કરવા અંગે નિર્ણય લઈશું.

## યુરોપમાં કોરોનાનો નવો વેરીયન્ટ દેખાતા અફરાતફરી : ઝડપથી પ્રસરી રહ્યો છે

### અગાઉના ઓમીક્રોન વેરીયન્ટ કરતા વધુ શારીરિક પીડા આપતો હોવાનો પ્રાથમિક અભિપ્રાય

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

૨૦૨૦થી બે વર્ષ માટે ભારત સહિત સમગ્ર વિશ્વમાં ફેલાઈને લાખો લોકોના જીવનનો ભોગ લેનાર કોવિડ વાયરસની વધુ એક વેરીયન્ટ બહાર આવ્યો છે અને તે ઝડપથી પ્રસરી રહ્યો હોય તેવો દાવો થયો છે. યુરોપ અને તેની આસપાસના વિસ્તારોમાં નવો કોવિડ ડઉઈ વેરીયન્ટ પ્રથમ વખત જર્મનીમાં જુન માસમાં નજરે ચડયો હતો તે અગાઉ જે કોવિડના વેરીયન્ટ આવ્યા હતા તેના હાઈબ્રીડ એડીશન જેવો આ નવો વેરીયન્ટ હોવાનું માનવામાં આવે છે અને તેણે અસાધારણ રીતે મ્યુટેશન હોવાનું મનાય છે અને તેના લક્ષણો અંગે પણ હવે વધુ તપાસ થઈ રહી છે. જોકે અગાઉના ઓમીક્રોન વેરીયન્ટની માફક જ તે પ્રારંભમાં તાવ, ગળામાં ખરાબી અને સુગંધ લેવાની શકિત ગુમાવવી, કફ, જેવા પ્રારંભિક લક્ષણો છે. પરંતુ બાદમાં તે વધુ અસર કરે છે ખાસ કરીન વોમેટીંગ અને ડિહાઈડ્રેશન જેવી વધારાની શારીરિક મુશ્કેલી ઉભી થાય છે. આ વેરીયન્ટ સામે વેકસીન કામ કરે છે તે તપાસ થઈ રહી છે. તેઓ વધુમાં જણાવે છે કે હાલમાં ડેલ્ટા પ્લસ વેરિયન્ટથી ચિંતા કરવાની જરૂર છે,



કેમ કે વૈજ્ઞાનિક રીતે પુરવાર થયું છે કે ડેલ્ટા પ્લસ એ 'વેરિયન્ટ ઑફ કન્સર્ન' છે. આ વેરિયન્ટ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિને બાયપાસ કરે છે અને બહુ ચેપી છે.

## વન નેશન, વન ઈલેકશન થશે તો ગુજરાતમાં ૨૦૨૭ની સરકાર બે વર્ષ જ ચાલશે

### કેન્દ્રની સુચિત યોજનાથી દેશના મોટાભાગનાં રાજયોમાં 'સરકારના કાર્યકાળ'માં ધરખમ બદલાવ શકય

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે વન નેશન વન ઈલેકશનની દિશામાં પ્રક્રિયા શરૂ કરી જ દીધી છે અને તે વાસ્તવિક બનવાના સંજોગોમાં ગુજરાત સહીતનાં રાજયોમાં સરકારના શીડ્યુલમાં ધરખમ ફેરફાર થઈ શકે છે. ૨૦૨૯ માં લોકસભા સાથે તમામ રાજયોમાં વિધાનસભા ચૂંટણી કરવાનો ટારગેટ છે. ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ માં યોજાશે ત્યારે વન-નેશન વન ઈલેકશનમાં સામેલ થવુ પડે તો ૨૦૨૭ માં ચૂંટાનારી સરકાર બે વર્ષ જ ચાલી શકે.

કેન્દ્રની મોદી સરકારે લોકસભા ચૂંટણી પહેલા જ એક દેશ-એક ચૂંટણી માટે મોટા નિર્ણયની તૈયારી બતાવી હતી. હવે ત્રીજા કાર્યકાળમાં વન નેશન-વન ઈલેકશન માટે સરકાર સંસદમાં બિલ લાવી રહી છે. જો આ ખરડો કાયદો બને તો વર્ષ ૨૦૨૯માં લોકસભાની સાથે સાથે તમામ રાજયોની વિધાનસભા ચૂંટણી પણ એકસાથે થશે. તે ચૂંટણીના ત્રણ મહિનાની અંદર પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી પણ કરાવવામાં આવશે.

વન નેશન વન ઈલેક્શન માટે મોદી સરકારે એક વર્ષ અગાઉ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આગેવાનીમાં એક સમિતિની રચના કરી હતી. સમિતિએ આ વર્ષે માર્ચ મહિનામાં વર્તમાન રાષ્ટ્રપતિને અહેવાલ સોંપ્યો હતો. ૧૮ હજાર પેજના અહેવાલમાં ચૂંટણીને લઈને અનેક ભલામણો કરવામાં આવી છે. સમિતિએ ભલામણ કરી છે કે દેશમાં બે તબક્કામાં ચૂંટણી કરાવવામાં આવે. પહેલા તબક્કામાં લોકસભા તથા તમામ રાજ્યોની વિધાનસભા ચૂંટણી થાય. તે ચૂંટણી સંપન્ન થાય તેના ૧૦૦ દિવસની અંદર અંદર બીજા તબકકામાં દેશની તમામ નગરપાલિકાઓ તથા પંચાયતની ચૂંટણી કરાવવામાં આવે. જો સમિતિની ભલામણ પ્રમાણે જ કાયદો બનાવવા આવશે તો તમામ રાજ્યોની વિધાનસભાનો કાર્યકાળ લોકસભાના કાર્યકાળ સાથે સમાપ્ત થઈ જશે. આમ તમામ વિધાનસભાનો કાર્યકાળ વર્ષ ૨૦૨૯માં સમાપ્ત થઈ જશે. ૫ વર્ષનો કાર્યકાળઃ ૨૦૨૪માં આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, ઓડિશા અને સિક્કિમમાં લોકસભાની સાથે સાથે જ વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. એવામાં અહીં ૨૦૨૯માં જ કાર્યકાળ સમાપ્ત થશે. હરિયાણા, મહારાષ્ટ્ર અને જમ્મુ કાશ્મીરમાં છ મહિના અગાઉ વિધાનસભા ભંગ કરવી પડશે. વર્ષ ૨૦૨૬માં પશ્ચિમ



બંગાળ, તમિલનાડુ, આસામ, કેરળ, પોંડિચેરીમાં વિધાનસભા ચૂંટણી થશે. પણ વન નેશન વન ઈલેક્શનના કારણે અહીં ૨૦૨૯માં ફરી ચૂંટણી કરાવવી પડશે. આમ આ રાજયોની વિધાનસભા ત્રણ વર્ષમાં ભંગ કરવી પડશે. ગુજરાત, યુપી, ઉત્તરાખંડ, ગોવા, મણિપુરમાં ૨૦૨૭માં વિધાનસભા ચૂંટણી થશે અને બે વર્ષમાં વિધાનસભા ભંગ કરી દેવાશે. હિમાચલ પ્રદેશ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા, કર્ણાટક, તેલંગાણા, મિઝોરમ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન. મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં ૨૦૨૮ના ડિસેમ્બર મહિનામાં ચૂંટણી યોજવવાની છે.

# જામનગર જિલ્લા હોમગાર્ડઝ દળ દ્વારા પદયાત્રી સેવા કેમ્પનું આયોજન



જામનગર જિલ્લા હોમગાર્ડઝ દળ સેવાની ભાવના સાથે નિષ્ઠા પુર્વક તમામ ફરજ બજાવે છે. જામનગરથી માતાના મઢ કચ્છ- ભુજ ચાલીને જતાં પદયાત્રીઓ માટે ધુંવાવ પછી ખીમલીયાના પાટીયાથી આગળ ન્યુ કમલ ઓટો ગેરેજ, ટાટા મોટર્સ ખાતે પદયાત્રી સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તમામ પદયાત્રીઓ માટે ઠંડા પીણાંની બોટલ, નાસ્તાના પેકેટ અને સાથે સાથે દરેક પદયાત્રીઓની બેગમાં રેડિયમ પટ્ટી લગાવી આપવાની સેવાઓ આપવામાં આવશે.આ કેમ્પ તારીખ ૨૨ થી ૨૫ સપ્ટેમ્બર- આમ ચાર દિવસ સુધી આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો લાભ લેવા તમામ પદયાત્રીઓને જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા, જામનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબી ઈન્ડિયન મેડિકલ એસોસિએશન બ્રાંચનો પદગ્રહણ સમારોહ સંપન્ન

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ઈન્ડિયન મેડિકલ એસોસિએશન બ્રાંચના પદાધિકારીઓનો ગત વર્ષ ૨૦૨૩-૨૪નો કાર્યકાળ પૂરો થતા તા.૧૫ સપ્ટેમ્બરના રોજ નવા હોદેદારો માટેનો પદગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે નવનિયુક્ત તમામ સભ્યોને ગત વર્ષની એસોસિએશન ટીમ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. મોરબી ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન બ્રાંચની ટીમનો ગતવર્ષ ૨૦૨૩-૨૦૨૪નો કાર્યકાળ પૂરો થતા તારીખ ૧૫ સપ્ટેમ્બરના રોજ નવયુગ શૈક્ષણિક સંકુલ ખાતે પદગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આ સમારોહની શરૂઆતમાં ગત વર્ષની કામગીરીનો સંપૂર્ણ અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો.



ત્યારબાદ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના મોરબી બ્રાંચના નવા પદાધિકારીઓની વરણી કરવામાં આવી હતી. જેમાં વર્તમાન વર્ષે એટલે કે નવા વર્ષ ૨૦૨૪-૨૦૨૫ની ટીમ માટે પ્રેસિડેન્ટ તરીકે ડૉ.અંજનાબહેન ગઢીયા, સેક્રેટરી તરીકે ડૉ.હીનાબહેન મોરી તથા ખજાનચી તરીકે ડૉ.ચિરાગ અઘારાએ ચાર્જ સંભાળેલ હતો. આ તકે ગત વર્ષની ટીમના પ્રેસિડેન્ટ ડૉ.નિકુંજ વડાલીયા, સેક્રેટરી ડૉ.વિરલ લહેરુ સમગ્ર હોદેદારો તથા સિનિયર ઈંખઅ મેમ્બર્સ ડૉ.કગથરા સાહેબ, ડૉ.સતીશ પટેલ સાહેબ, ડૉ.ભાડેશિયા સાહેબ, ડૉ.ભૂત સાહેબ વગેરે અને તમામ સભ્યોએ તેમને નવનિયુક્ત ટીમને આવકારીને ખૂબ શુભેચ્છા પાઠવી હતી. મોરબી ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના બ્રાંચના પદગ્રહણ સમારોહમાં નવનિયુક્ત તમામ હોદેદારોને કરવામાં આવતી કામગીરી સોંપવામાં આવી હતી, જ્યારે કાર્યક્રમના અંતે કરાઓકે તથા મ્યૂઝિકનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો.

# માળીયામાં સામાન્ય બાબતે યુવાન ઉપર ત્રણ શખ્સો છરી વડે હુમલો

માળીયા(મી)માં વાગડીયા ઝાંપા પાસે સામે થુંકવા બાબતે ટપારતા જે બાબતે સારું નહીં લાગતા સુરેન્દ્રનગર જીલ્લાના સરા ગામના રહેવાસી એવા યુવક ઉપર છરી વડે માળીયા(મી)ના ત્રણ શખ્સોએ હુમલો કરી યુવકને ગળાના ભાગે ગંભીર ઈજાઓ કરી હતી. હાલ યુવક સારવાર હેઠળ હોય ત્યારે હોસ્પિટલના બિછાનેથી ત્રણેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય આરોપીઓની વિરુદ્ધ ગુનો નોંધી અટક કરવા તજવીજ હાથ ધરી છે. સુરેન્દ્રનગર જીલ્લાના સરા ગામે મદીના મસ્જિદની બાજુમાં રહેતા યુનુશભાઈ હબીબભાઈ કાજેડીયા ઉવ.૧૯ એ માળીયા(મી) પોલીસ સમક્ષ આરોપી ડાડો જેડા, ડાડો સંઘવાણી તથા ઈરફાન સંઘવાણી રહે.બધા માળીયા મી. વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈકાલ તા. ૧૬/૦૯ના રોજ માળીયા(મી) ગામે વાગડીયા ઝાંપા પાસે સીરાજભાઈની દુકાને આવેલ આરોપી ડાડો જેડાએ ફરિયાદી યુનુસભાઈ સામે થુંકતા જે બાબતે યુનુસભાઈએ આરોપીને ટોકતા ડાડા જેડાને સારું નહીં લાગતા તેને યુનુસભાઈને ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો. બાદમાં ફોન કરી આરોપી ડાડો સંઘવાણી અને આરોપી ઈરફાનને બોલાવ્યા હતા. ત્યારે બંને આરોપી મોટર સાયકલ લઈને ઉપરોક્ત સીરાજભાઈની દુકાને આવ્યા હતા. જ્યાં ઈરફાન સંઘવાણીએ પોતાની પાસે રહેલ છરીથી ફરીયાદી યુનુસભાઈને ગળાના પાછળના ભાગે બે ઘા મારી ધોરી નસ કાપી નાખી જીવલેણ ઈજા કરી તથા ડાડો સંઘવાણીએ ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે ઈજાગ્રસ્ત હાલતમાં યુનુસભાઈને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ માળીયા(મી) પોલીસે ત્રણેય આરોપીઓની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીના બંધુનગર ગામ નજીક વિદેશી દારૂની મોંઘીદાટ પાંચ બોટલ સાથે એક ઝડપાયો

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન તાલુકાના બંધુનગર ગામ નજીક સરતાનપર જવાના રસ્તે શંકાસ્પદ હાલતમાં જઈ રહેલા ઈસમને રોકી તેની તલાસી લેતા તેની પાસેથી વિદેશી દારૂની બ્લેન્ડર પ્રાઈડ સિલેક્ટ પ્રીમિયમ વ્હિસ્કીની પાંચ બોટલ કિ.રૂ.૪,૨૫૦/- મળી આવી હતી. જેથી પોલીસે આરોપી આનંદભાઈ તેજમલભાઈ રાહોલીયા ઉવ.૪૪ રહે-અંબીકા સોસાયટી ત્રાજપર તા.જી.મોરબીવાળાની અટક કરી લેવામાં આવી હતી. આ સાથે પોલીસે વિદેશી દારૂનો જથ્થો કબ્જે લઈ પકડાયેલ આરોપી સામે પ્રોહી.હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના નવા જાંબુડીયા ગામે રહેણાંકમાંથી ઈંગ્લીશ દારૂની ૨૨૮ બોટલ સાથે મકાન-માલીકની અટક

મોરબી પોલીસે પૂર્વ બાતમીને આધારે નવા જાંબુડીયા ગામમાં આવેલ ધર્મસિધ્ધિ સોસાયટીના રહેણાંક મકાનમાં રેઈડ કરી ઈંગ્લીશ દારૂની ૨૨૮ નંગ બોટલ સાથે મકાન-માલીક શખ્સની અટકાયત કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ મોરબી તાલુકા પોલીસ ટીમને મળેલ બાતમીને આધારે નવા જાંબુડીયા ગામે આવેલ ધર્મ સિદ્ધિ સોસાયટીમાં ઈંગ્લીશ દારૂ અંગેની રેઈડ કરી હતી ત્યારે રહેણાંક મકાનમાંથી ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની ૨૨૮ નંગ બોટલ જેની કિ.રૂ.૭૮,૦૦૦/-ગણીને આ સાથે આરોપી ગૌત્તમભાઈ શિવાભાઈ પરમાર ઉવ.૨૯ને પકડી લેવાયો હતો. તાલુકા પોલીસે ઈંગ્લીશ દારૂનો જથ્થો કબ્જે લઈ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની ધોરણસરની તજવીજ શરૂ કરી છે.

# ટંકારાના સજનપર ગામે રહેણાંકમાં જુગાર રમતા ૮ શકુનીને રૂપિયા ૩.૮૯ લાખ સાથે ઝડપી લેવાયા

ટંકારા પોલીસે પૂર્વ બાતમીને આધારે તાલુકાના સજનપર ગામે રહેણાંક મકાનમાં રેઈડ કરી તીનપત્તીનો જુગાર રમતા ૮ પત્તાપ્રેમીઓને રોકડા રૂપિયા ૩.૮૯ લાખ સાથે પકડી લેવામાં આવ્યા હતા. ટંકારા પોલીસને ખાનગીરાહે મળેલ બાતમીને આધારે ટંકારા તાલુકાના સજનપર ગામના રહેણાંકી મકાનમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીના જુગારની બાઝી માંડી બેઠેલા કુલ ૮ જુગારીને પકડી લેવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન ટંકારા પોલીસે સ્થળ ઉપરથી ૩.૮૯ લાખ કબ્જે કરી તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

# દ્વારકા નજીકના દરિયામાંથી વધુ એક વખત ચરસનો જથ્થો ઝડપાયો; રૂ. ૯૩ લાખની કિંમતનું બિનવારસું ડ્રગ્સ કબજે

**મુખ્ય સમાચાર,દ્વારકા**




દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા, મીઠાપુર, ઓખા વિસ્તારને સાંકળતા દરિયા કાંઠા વિસ્તારમાંથી થોડા સમય પૂર્વે હાઈ ક્વોલિટીના કરોડો રૂપિયાના ચરસના પેકેટ દરિયાઈ પાણીમાં તણાઈ આવતા બિનવારસું મળી આવ્યા હતા. જે પ્રકરણ સંદર્ભે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ વચ્ચે ગઈકાલે રાત્રે વધુ એક વખત રૂ. ૯૩.૩૦ લાખની કિંમતનું ચરસનું એક પેકેટ બેટ દ્વારકાના દરિયા કાંઠેથી મળી આવ્યું હતું.આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ, દેવભૂમિ દ્વારકાના બેટ દ્વારકા વિસ્તારમાં આવેલી એક દરગાહ પાસેના દરિયા કિનારા ખાતે ગઈકાલે સોમવારે રાત્રિના સમયે એક શંકાસ્પદ પેકેટ પડ્યું હોવાથી આ અંગે પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ અને આ પેકેટનો કબજો લીધો હતો. પોલીસ તપાસમાં આ પેકેટમાં હાઈ ક્વોલિટીનો ચરસ હોવાનું જાહેર થયું છે. જેનું વજન ૮૬૬ ગ્રામ હોવાનું ખુલવા પામ્યું છે.દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. વિભાગના પી.એસ.આઈ. આર.જી. વસાવાએ જાતે ફરિયાદી બનીને કોઈ અજાણ્યા શખ્સોએ પોતાના અંગત ફાયદા માટે આ માદક પદાર્થ ચરસની હેરાફેરી કરી અને કોઈપણ કારણોસર દરિયામાં અથવા દરિયાકાંઠે છોડી દીધો હતો. આ ચોરસની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં રૂપિયા ૯૩ લાખ ૩૦ હજારની ગણવામાં આવી છે. જે આરોપી શખ્સોએ પોલીસના હાથે પકડાઈ જવાની બીકથી છોડી દીધી હતો. આ સમગ્ર પ્રકરણ અંગે બેટ દ્વારકા પોલીસે એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં વડાપ્રધાન મોદીના જન્મદિવસ નિમિતે ધારાસભ્ય દ્વારા ખોખરા હનુમાન મંદિર ખાતે કરાઈ સેવામય ઉજવણી




**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિતે મોરબીના સુવિખ્યાત તીર્થધામ ખોખરા હનુમાન હરિહરધામ ખાતે સેવામય ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિતે તા.૧૭ સપ્ટે.ના રોજ મોરબી-માળીયા ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા દ્વારા ખોખરા હનુમાન હરિહરધામ ખાતે આવેલ સંસ્કૃત પાઠશાળા અને વેદ વિદ્યાલયમાં અભ્યાસ કરતા ૮૦ જેટલા ઋષિકુમારો તથા ત્યાંજ ચાલતા વાત્સલ્ય વટીકા(અનાથાશ્રમ)ના બાળકોને વસ્ત્ર-દાન આપી સેવામય ઉજવણી કરવામાં આવશે, ત્યારે આ સમગ્ર કાર્યક્રમ સાંજે ૪.૩૦થી શરૂ થશે.

ત્યારે આ સેવામય ઉજવણીમાં મોરબી જીલ્લાના તમામ હોદેદારો, આગેવાનો તથા કાર્યકરોને આ જન્મદિવસની ઉજવણી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ધારાસભ્ય દ્વારા અંતઃકરણથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે, ઉજવણીના બગગરૂપે મહાપ્રસાદની સુવ્યવસ્થા રાખવામાં આવ્યાનું યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી પાલિકા દ્વારા ૨૦૦કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી લઈ દંડ વસુલાયો





**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી નગરપાલિકાના અધિકારીઓની એક ટીમ શહેરમાં પ્લાસ્ટિકનું વેચાણ કરતા વેપારીઓને ત્યાં તપાસ હાથ ધરી હતી. જેમાં અલગ અલગ વેપારીઓને ત્યાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળી આવતા તમામ પાસેથી નિયમ મુજબ દંડ વસુલવામાં આવ્યો છે. હાલ નગરપાલિકાના નવનિયુક્ત ચીફ ઓફિસરની રાહબરી હેઠળની કાર્યવાહીથી પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચાણ કરતા વેપારીઓમાં કચવાટ ફેલાયો છે.

મોરબીમાં નગરપાલિકામાં નવનિયુક્ત ચીફ ઓફિસર કુલદીપસિંહ વાળા ની સૂચના અને માર્ગદર્શન હેઠળ પાલિકાની ટીમ દ્વાએ શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતા વેપારીઓને ત્યાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારે નગરપાલિકાના કૃષ્ણસિંહ જાડેજા તથા તેમની ટીમ દ્વારા કરવામાં સરપ્રાઈઝ ચેકીંગમાં અલગ અલગ દુકાનોમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો આશરે ૨૦૦ કિલોનો જથ્થો મળી આવ્યો હતો. જેથી સમગ્ર પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી, પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરી રહેલા વેપારીઓ પાસેથી કુલ રૂપિયા ૮,૦૦૦/-નો દંડ વસુલવામાં આવ્યો હતો.

# વાંકાનેરમાં ગાળો દેવાનો ખાર રાખીને મિત્રના હાથે મિત્રની હત્યા

## પોલીસ અને પરિવારને ગુમરાહ કરવા લાશ ચેકડેમમાં ફેંકી દીધી : બે શખ્સો લાશ બાઈકમાં લઈ ગયા


**મુખ્ય સમાચાર,વાંકાનેર**

વાંકાનેર તાલુકાના સરધારકા ગામ પાસે આવેલ ચેકડેમમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો અને આ યુવાનની હત્યા કરીને ત્યાં પાણીમાં લાશને ફેંકી દેવામાં આવી હતી અને પોલીસ તપાસમાં એવી માહિતી સામે આવી છે કે ગાળો આપવાની બાબતમાં મૃતક યુવાનની હત્યા તેના જ મિત્ર દ્વારા કરવામાં આવેલ છે જેથી પોલીસે આ બનાવમાં મૃતકના પરિવારજનની ફરિયાદ લેવા માટે અને આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરી છે.

બનાવની જાણવા મળતી માહિતી પ્રમાણે વાંકાનેર તાલુકાના સરધારકા ગામના સરપંચ મહેન્દ્રસિંહ હરદેવસિંહ ઝાલા દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવામાં આવી હતી કે સરધારકા ગામ પાસે આવેલ ચેકડેમમાં કોઈ યુવાનની લાશ પડી છે જેથી કરીને વાંકાનેર તાલુકા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને પાણીમાં પડેલ યુવાનની લાશને બહાર કાઢીને હોસ્પિટલે લઈને આવ્યા હતા.

પ્રાથમિક તપાસમાં મૃતક યુવાનને મોઢા અને માથાના ભાગે બોથડ પદાર્થ વડે માર મારીને તેની હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું જેથી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એલ.એ. ભરગા અને તેઓની ટીમ દ્વારા તપાસ કરવામાં આવતા મૃતક યુવાનની હત્યા તેના જ મિત્ર દ્વારા કરવામાં આવી હોવાનું સામે આવેલ છે.

આ અંગે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એલ.એ. ભરગા સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે મૃતક વ્યક્તિ



વાંકાનેરના શક્તિપરા વિસ્તારમાં રહેતો રાજુભાઈ મોતીભાઈ (૩૫) હોવાનું સામે આવ્યું છે અને તપાસ દરમિયાન એવી હકીકત સામે આવી છે કે વાંકાનેર રેલ્વે સ્ટેશન નજીક મૃતક રાજુભાઈ મોતીભાઈ અને તેનો મિત્ર જીતુ રબારી બંને બેઠા હતા ત્યારે મૃતક યુવાન ગાળો દેતો હોય તે બાબતે જીતુભાઈ રબારીએ તેને માથાના ભાગે કાડુ માર્યું હતું. ત્યારબાદ પથ્થરનો ઘા માર્યો હતો જેથી તેનું મોત નીપજ્યું હતું ત્યારબાદ આરોપી જીતુ રબારીએ તેના મિત્ર ભાવેશને સાથે રાખીને મૃતક રાજુભાઈ મોતીભાઈને બાઈક ઉપર ત્યાંથી બેસાડીને તેના બોડીને સરધારકા ગામ પાસે આવેલ ચેકડેમમાં ફેંકી દીધું હતું હાલમાં વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા હત્યાના આ બનાવમાં મૃતકના પરિવારજનની ફરિયાદ લેવા માટે અને આરોપીઓને પકડવા તજવીજ હાથ કરવામાં આવી છે.

# જામનગરની ખોડિયાર કોલોનીમાં જુગાર રમતી ૪ મહિલા સહિત ૬ ઝબ્બે

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર નજીકના મોટી બાણુંગાર ગામે ચાલતા જુગાર પર પોલીસે દરોડો પાડી ૨૪ શખ્સને ૮ લાખ ઉપરાંતના મુદ્દામાલ સાથે પકડી પાડી ગુનો દાખલ કર્યો છે. અન્ય બે દરોડામાં પણ પોલીસે જુગાર રમતા શખ્સોને પકડી પાડ્યા છે. પંચકોષી એ ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે જામનગર શહેરથી ૧૩ કિમી દૂર મોટી બાણુગાર ગામે નારણભાઈ જેરામભાઈ કાસુન્દ્રા નામનો શખ્સ પોતાના રહેણાંક મકાને અંગત ફાયદા માટે બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગારનો અખાડી ચલાવી રહ્યો છે.આ ચોક્કસ હકીકતના આધારે પોલીસે મોટી બાણુગાર ગામે દરોડો પાડી પોલીસે નારણભાઈ જેરાજભાઈ કાસુન્દ્રા, મનસુખભાઈ અવચરભાઈ ગડારા, પ્રવીણભાઈ મનસુખભાઈ પાચોટીયા, વિજયભાઈ અમૃતભાઈ ભેસદડીયા, અમરશીભાઈ પોપટભાઈ હિન્સુ, રમેશભાઈ લક્ષ્મણભાઈ ઘેટીયા, કુવરજીભાઈ અમૃતલાલ ભેસદડીયા, અશોકભાઈ ગણેશભાઈ વાંસજાળીયા, નૈનેશભાઈ ભગવાનજીભાઈ ભેસદડીયા, ભુપતભાઈ હરીભાઈ ભેસદડીયા, હેમતભાઈ હરીભાઈ ગામી, યોગેશભાઈ મગનલાલ ધમસાણીયા, બીપીનભાઈ રમેશભાઈ ભેસદડીયા, રાકેશભાઈ અવસરભાઈ કાનાણી નામના ૧૪ આરોપીઓને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતાં.જયારે બીરેનકુમાર પ્રાગજીભાઈ મણવર અને બીપીનભાઈ અમરશીભાઈ રાણીપા નામના બે શખ્સો પોલીસ ભાળ પારખી નાશી ગયા હતાં. પોલીસે પકડાયેલા તમામ શખ્સોના કબ્જામાંથી રૂ.૭,૫૦,૦૦૦ની રોકડ, રૂ.૭૦,૫૦૦ ની કિંમતના ૧૫ મોબાઈલ સહિત કુલ રૂ.૭,૭૮,૫૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. પોલીસે તમામ શખ્સો સામે જુગારધારની કલમ હેઠળ ગુન્હો નોંધી નાશી ગયેલા બન્ને શખ્સોને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.સિટી સી ડિવિઝન પોલીસે શહેરના ખોડીયાર કોલોની નિલકમલ મેઈન રોડ ભગવતી જવેલર્સની બાજુમા શેરી નં-૫ પાસે જાહેરમાં જુગાર રમી રહેલાં આનંદભાઈ અમૃતલાલ વાસ, સચીનભાઈ કિશોરભાઈ બારોડ, અલ્પાબેન ચેતનભાઈ વ્યાસ, તૃપ્તીબેન નિલેશભાઈ વાસુ, નયનાબેન બાબુલાલ રાઠોડ, મનિષાબેન જયેશભાઈ ગોપીયાણી નામના ચાર મહિલા સહિત છ શખ્સોને ઝડપી લીધા હતાં. પોલીસે તમામના કબ્જામાંથી રૂ.૧૮,૧૦૦ ની રોકડ, રૂ.૧૦,૦૦૦ ની કિંમતના ૧૫ મોબાઈલ સહિત કુલ રૂ.૨૮,૧૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો.

# ઉનામા ઈદે મિલાદુન નબી મોહમ્મદ પેગંબર સાહેબના જન્મદિવસ નિમિત્તે શાનદાર જુલુસ નીકળ્યુ



(અબ્દુલ પઠાણ ઉના)

ઊનામા પેગંબર સાહેબના જન્મદિવસ નિમિત્તે શાનદાર જુલુસ નીકળ્યુ મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં જોડાયા આ જુલુસમા બાળકો માટે ભાગની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી પાણીની બોટલો ઠંડા પીળાની વ્યવસ્થાઓ પણ કરવામાં આવી હતી સમાજના આગેવાનો જોડાયા જેમાં યુસુફભાઈ તવકલ ઓલ ગુજરાત ઘાચી સમાજ પ્રમુખ તેમજ અબ્બાસ ભાઈ સુમરાણી તેમજ ઈકબાલભાઈ હાજી હસનેન બાપુ નોબોલ કરિયાણા સ્ટોર ના માલિક તેમજ બધા સમાજના આગેવાનો જોડાયા આ જુલુસ કોટ વિસ્તારમાંથી થઈને વડલા ચોક વિસ્તાર ત્રિકોણબાગ અને ટાવર ચોક વિસ્તાર થઈને અંતે મોટા પીરસાબ બાપુની દરગાહ પાસે પૂર્ણ કરવામાં આવ્યું હતું જેમાં પોલીસની પણ સુંદર કામગીરી જોવા મળી હતી મુસ્લિમ સમાજના આગેવાનોએ ખૂબ સારો સંદેશો આપવામાં આવ્યો હતો અંતે જુલુસ પૂર્ણ કરવામાં આવ્યું હતું

# વાંકાનેરની ઢુંવા ચોકડીએ મહાનદીમાં ન્હાવા પડેલ યુવકનું પાણીમાં ડૂબી જતાં મોત

## ૨૦ કલાકની જહેમત બાદ મૃતદેહને નદીમાંથી શોધી બહાર કાઢતી મોરબી ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ફાયર વિભાગની ટીમ દ્વારા વાંકાનેર તાલુકાના ઢુંવા ગામ નજીક આવેલ મહાનદીમાં ડૂબેલ વ્યક્તિના મૃતદેહને ૨૦ કલાકની ભારે જહેમત બાદ શોધી બહાર કાઢવામાં આવ્યો હતો. હાલ વાંકાનેર તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડવા સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.



મોરબી ફાયર વિભાગમાંથી મળતી માહિતી અનુસાર ગઈ તા.૧૫/૦૯ના રોજ સાંજે ૬.૪૫ વાગ્યે વાંકાનેરની ઢુંવા ચોકડી આગળ મહાનદીમાં પુલ પાસે એક ભાઈ ડૂબી ગયો હોવાની જાણ મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસને કરવામાં આવી હતી. જેથી ફાયર વિભાગ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ત્યારે સતત ૨૦ કલાકની ભારે શોધખોળ બાદ બીજા દિવસના બપોરના ૩ વાગ્યાની આસપાસ નદીના પાણીમાંથી યુવકનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. ત્યારે મૃતકની પ્રાથમિક વિગતમાં મૃતક અરવિંદભાઈ ઉર્ફે ગટુભાઈ મનસુખભાઈ વનારીયા અંદાજે ઉવ.૪૦ રહે. ત્રાજપર ગામવાળો વાંકાનેરની ઢુંવા ચોકડી પાસે મહાનદીમાં નાહવા જતાં ડૂબી ગયેલ ત્યાંથી ડેડબોડી(મૃત્યુ) હાલતમાં પાણીમાંથી બહાર કાઢવામાં આવી હતી. હાલ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનને સોંપેલ અને લાશને એમ્બ્યુલન્સ મારફત વાંકાનેર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

# રાજકોટની હોટેલોમાં ચાલતા ગોરખધંધાનો પર્દાફાશ: સગીરા પર દુષ્કર્મ મામલે ૩ની ધરપકડ

## જૂનાગઢની સગીરાનું પ્રેમીએ અપહરણ કરી રાજકોટમાં દેહ વ્યાપારમાં ધકેલી દીધી: અલગ-અલગ પાંચ હોટલમાં સગીરા પર દુષ્કર્મ આચાયું: ૧૪ શખ્સો સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જૂનાગઢની ૧૫ વર્ષની સગીરા ઉપર રાજકોટની અલગ અલગ પાંચ જેટલી હોટેલમાં ૧૪ જેટલા શખ્સોએ બળાત્કાર ગુજારવાના ચકચારી કેસ મામલે પોલીસે ત્રણ હોટેલના મેનેજર, સંચાલક સહિત ચાર શખસોની ધરપકડ કરી છે. અગાઉ પકડાયેલા બે શખસોની રિમાન્ડ દરમિયાન પોલીસે હોટેલમાંથી પુરાવાઓ એકત્ર કર્યા છે.

પોલીસ તપાસમાં આવેલી હકીક્તો અનુસાર ૧૫ વર્ષની સગીરાને અરબાજ મુલતાની નામના શખ્સ સાથે પ્રેમસબંધ હોય, તેના કહેવાથી તા.૨૦ ઓગસ્ટના રેહાનને સગીરાને દોલતપરા નાકા સુધી મૂકી જવા માટે કહ્યું હતું. પરંતુ રેહાને સગીરાને પહેલા પોતાના બાઈકમાં બેસાડીને અહીંના આદિનાથ એપાર્ટમેન્ટમાં લઈ જઈને બળાત્કાર ગુજારી પછી દોલતપરા એસટી બસસ્ટોપ ખાતે મૂકી ગયો હતો.

બાદમાં સગીરા રાજકોટ પહોંચી અને ત્યાં ગોંડલ ચોકડીએ ઉતરી ત્યારે તેનો પ્રેમી અરબાજ તેને તેડી ગયેલો અને રાજકોટની હોટેલ ગ્લોરીમાં લઈ જઈને અવાર નવાર શરીર સબંધ બાંધ્યો હતો, બાદમાં અરબાજે પોતાના મિત્ર કૃપાલને વાત કરતા તે પણ સગીરાને હોટેલ શિવ-શક્તિમાં લઈ જઈને દુષ્કર્મ ગુજાયું હતું. તેના પછી અંશુ સુમરાએ હોટેલ વાત્સલ્યમાં અને બાદમાં હાર્દિક અને ફરદીન સિંધી નામના શખ્સોએ હોટેલ કિંગલેન્ડમાં બળાત્કાર ગુજાર્યો હતો. ત્યાર પછી સત્યુગ ઉર્ફે સત્યમ નામના શખ્સે હોટેલ જસ્મીનમાં લઈ જઈને ત્યાં રૂમમાં બળાત્કાર કર્યો હતો, ત્યાર પછી જસ્મીન હોટેલના મેનેજર જસ્મીન મકવાણાએ સગીરા ઉપર બળાત્કાર કર્યો હતો, તેના પછી સગીરા કિશનપરા રોડ ઉપર આવેલી હોટેલ ઓમમાં જતી રહી અને અહી સાત દિવસ રોકાઈ હતી, તે દિવસોમાં તેની સાથે હોટેલના મેનેજર આકાશ મોડ અને તેના મળતિયાઓ દ્વારા ગ્રાહકો મોકલીને સગીરાને દેહવ્યાપારના ધંધામાં ધકેલી ધંધો શરુ કરી દીધો હતો.

જેથી પોલીસે સગીરાને દેહવ્યાપારના ધંધામાંથી મુક્ત કરાવીને કેસ દાખલ કરીને જે જે હોટેલમાં સગીરા ઉપર બળાત્કાર કરવામાં આવ્યો તે હોટેલના સીસીટીવી ફૂટેજ અને રજીસ્ટર




કબજે કર્યા છે. સ્થળ પંચનામું કરીને વધુ તપાસ કરી હતી. જેમાં હાલ અગાઉ પકડાયેલ કિરણ કાલુસિંગ લાલગીરી બીસ્ટ ઉ.૨૨ (રહે. રણછોડનગર, રાજકોટ) અને રેહાન યુનુસ શેખ ઉ.૨૨ (સૈયદવાડા, જૂનાગઢ) ચાર દિવસના રિમાન્ડ પર હોય તેમની પૂછતાછ અને તપાસના અંતે પોલીસે આજે આકાશ ઉર્ફે અર્જુનસિંહ ધર્મરાજસિંહ ઓડ ઉ.૨૫ (મેનેજર, રાજપૂતપરા), હિરેન જગદીશ સાપરા ઉ.૪૦ (મેનેજર અવધૂત હોટેલ), જસ્મીન દિનેશ મકવાણા ઉ.૨૫ (મેનેજર, હોટેલ જસ્મીન) અને હાર્દિક દીપક ઝાપડા ઉ.૨૧ (રહે. કાંગશીયાળી, લોધિકા) ની અટકાયત કરવામાં આવી છે.

# અંકુર નગર મેઈન રોડ પર પોલીસને જોઈ બુટલેગર ૮૪ બોટલ દારૂરેઢો મૂકી નાસી ગયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના માલવયા નગર પોલીસ સ્ટેશન ના પોલીસ સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તેને સંકુલ નગર મેન રોડ પર પોલીસને જોઈ બુટલેગર ૮૪ બોટલ દારૂ રેઢો મૂકી નાસી જતા પોલીસે દારૂનો જથ્થો કબજે કરી નાસી ગયેલા બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

આ આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ માલવિયા પોલીસના પીઆઇ જે.આર દેસાઈની સૂચનાથી હેડ કોન્સ્ટેબલ અજયભાઈ વિક્રમ અને ભાવેશભાઈ ગઢવી સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે અંકુર નગર મેન રોડ પર અંકુર સ્કૂલની નજીકમાં રહેતો બુટલેગર હિરેન અરવિંદ પરમાર નામના શકશે દારૂનો જથ્થો ઉતર્યો હોવાની હકીકત ના



આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે રેડ પાડતા પોલીસને જોઈ હિરેન પરમાર નામનો ઈસમ નાસી ગયો હતો.

પોલીસે અંકુર સ્કૂલની બાજુમાં જાહેર રોડ પર કોથળા ચેક કરતા તેમાંથી ૮૪ બોટલ વિદેશી દારૂ કિંમત રૂપિયા ૪૨,૦૦૦ નો મુદ્દા માલ મળી આવતા પોલીસે દારૂનો જથ્થો કબજે કરી નાસી ગયેલા બુટલેગર હિરેન પરમારની શોધખોળ શરૂ કરી છે. જ્યારે અન્ય બનાવમાં ગુના નિવારણ શાખા ના ઈન્ચાર્જ પી આઈ એમઆર ગોંડલીયા ની સૂચનાથી પીએસઆઇ એમ જે હુણ તથા એએસઆઈ મયુરભાઈ પટેલ તથા સંતોષભાઈ મોરી તથા હરદેવસિંહ રાઠોડ હેડ કોન્સ્ટેબલ કીરતસિંહ ઝાલા કરણભાઈ મારુ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ગાંધીગ્રામ બેીક્ષશ પોલીસ ની હદમાં આવેલ રયાધાર મફતિયા પરામાં દશામાંના મંદિર વાળા રોડ પર કરોડો ઉપાડતા અંકુર ઉર્ફે ભોલો અશોક સોલંકી તથા ગુલાબ આમદ કાતીયા તથા મનસુખ ઉર્ફે મનો સૂકા ઝાલા સહિતના શખ્સો દેશી દારૂ ની ભઠ્ઠી ચલાવતા ઝડપી લઈ પોલીસે રૂપિયા ૧૭,૦૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો જ્યારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ચુનારાવાડ શેરી નંબર એક નદીના કાંઠે રહેતી મનીષા ઉર્ફે મુન્ની વિનોદ સોલંકી ના મકાનમાં દરોડો પાડતા રૂપિયા ૪૩ હજાર ૩૭૫ નો દેશી દારૂનો જથ્થો અને દારૂ બનાવવાના પઠિના સાધનો સહિતનો મુદ્દા માલ મળી આવતા પોલીસે મહિલા સામે કાર્યવાહી હાથ ધરી છે.

# યુવાનને આંતરી અજાણ્યા શખ્સોએ કર્યો લુંટનો પ્રયાસ: વચ્ચે પડેલી મહિલા પર ખુની હુમલો

## ભાવનગર રોડ પર લાખાજીરાજ ઉદ્યોગનગરમાં બનેલો બનાવ: પોલીસે હુમલાખોરોની શોધખોળ આદરી



રાજકોટ શહેરમાં ભાવનગર રોડ ઉપર આવેલા લાખાજીરાજ ઉદ્યોગનગરમાં બાઈક ચાલક ઉપર અજાણ્યા શખ્સોએ હુમલો કરી લૂંટની કોશિશ કરી હતી. બાઈક ચાલકને બચાવવા વચ્ચે પડેલા મહિલા ઉપર લૂંટારુ શખ્સે મહિલા ઉપર છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા મહિલાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ભાવનગર રોડ ઉપર આવેલા લાખાજીરાજ ઉદ્યોગનગરમાં રહેતા કિરણબેન રાજેશભાઈ સલાટ નામના ૪૨ વર્ષના મહિલા રાત્રીના દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે હતા. ત્યારે અજાણ્યા શખ્સોએ છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા મહિલાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતાં થોરાળા પોલીસ મથકનો સ્ટાફ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો.પ્રાથમિક પૂછપરછમાં કિરણબેન સલાટના પતિ હૈયાત નથી અને તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. અજાણ્યા શખ્સો બાઈક ચાલકને આંતરી છરી બતાવી લૂંટ ચલાવતા હતા. ત્યારે કિરણબેન બાઈક ચાલકને બચાવવા વચ્ચે પડતા લૂંટારુ શખ્સે છરી વડે હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે થોરાળા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માર્કેટ યાર્ડમાં વહેલી સવારે હરાજીમાં જતી મહિલા પર અજાણ્યા શખ્સનો હુમલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં સામે કાંઠે આવેલી માલધારી સોસાયટીમાં રહેતી શાકભાજીની મહિલા ધંધાર્થી વહેલી સવારે માર્કેટયાર્ડમાં શાકભાજીની હરાજીમાં જઈ રહી હતી ત્યારે અજાણ્યા શખ્સે છરી વડે હુમલો કર્યો હતો. મહિલાને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવી હતી. આ અંગે માહિતી મુજબ માલધારી સોસાયટીમાં રહેતા રેખાબેન કાળુભાઈ મકવાણા નોમના ૪૫ વર્ષના પ્રોઢા માર્કેટ યાર્ડમાં શાકભાજીની હરાજીમાં જઈ રહ્યા હતા ત્યારે વહેલી સવારે ચારેક વાગ્યાના અરસામાં અજાણ્યા શખ્સે પાછળથી ચોટલો ખેંચી મોઢે ડુમો દઈ ગળાના ભાગે છરી મારી દીધી હતી. મહિલાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ઈજાગ્રસ્ત મહિલાએ હુમલા અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

જ્યારે કોઠારીયા રોડ ઉપર ન્યુ સોમનાથ સોસાયટીમાં રહેતા રાજ અકબરભાઈ ફકીર નામના ૨૮ વર્ષના યુવાન ઉપર સદામ નામના શખ્સે પથ્થરમારો કર્યો હતો. મારામારીમાં ઘવાયેલા સગીર અને યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રીબડા SGVP ગુરુકુળની બસનાં નશાખોર ડ્રાઈવરને સસ્પેન્ડ કરાયો

## સ્કૂલ બસમાં પીધેલા ડ્રાઈવરને જોઈ વિદ્યાર્થીઓએ બચાવો-બચાવોની બૂમો પાડી

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રીબડા ગુરુકુળ જવા માટે રાજકોટના કોઠારિયાથી સ્કૂલ બસમાં બેસેલા વિદ્યાર્થીઓએ ડ્રાઈવરને પીધેલી હાલતમાં ઝૂમતી સ્થિતિમાં જોતા બચાવો-બચાવોની બૂમો પાડતા વાલીઓ એકત્ર થઈ ગયા હતા,આ અંગે પોલીસ હરકતમાં આવી હતી. બીજી તરફ સંસ્થાએ ડ્રાઈવરને સસ્પેડ કર્યો છે. આ અંગેની માહિતી મુજબ રીબડામાં આવેલી એસજીવીપી ગુરૂકુલમાં અભ્યાસ કરતા છાત્રોને શહેરમાંથી લઈ જવા માટે કોઠારીયા વિસ્તારમાંથી ડ્રાઈવર હિતેન્દ્રસિંહ પરમાર સ્કુલ બસ લઈને આવ્યો હતો આ દરમ્યાન એક વિધાર્થીને સ્કુલ બસમાં મુકવા આવતા વાલીને ડ્રાઈવર દારૂના નશામાં હોવાની જાણ થતાં વાલીઓના ટોળા એકઠાં થયા હતાં અને વાલીઓએ ૧૦૦ નંબરમાં ફોન કરી ઘટનાની જાણ કરતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને આ અંગેની જાણ શાળા સંચાલકોને પણ કરાઈ હતી. બાદમાં પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી હતી. આ અંગે સ્કુલના પ્રિન્સીપાલ જીજ્ઞેશ ઠકકરે જણાવ્યું હતું કે આ સંસ્થામાં હિતેન્દ્રસિંહ છેલ્લા ત્રણ વર્ષથી જોડાયેલ છે. પરંતુ અત્યાર સુધીમાં કોઈ ગેરવર્તન કરેલ નથી પરંતુ આ ઘટનાને પગલે તેને સ્કૂલમાંથી સસ્પેન્ડ કરી દેવાયો છે. અને તેની સામે આજીડેમ પોલીસમાં ફરીયાદ પણ નોંધાવી છે.

# જામનગરના બાડા ગામે નદીમાં ડુબી જતા આશાસ્પદ યુવાનનું મોત

જામનગર તાલુકાના બાડા ગામથી ચાવડા ગામ તરફ જતા રૂપારેલ નદીમાં માછલાઓને મમરા નાંખવા માટે યુવક તેમની પુત્રી અને બે પુત્રો સાથે જતાં તેમાં નાનો પુત્ર ઉંડા પાણીમાં ગરક થઈ જતાં ડુબી જતાં મોત નિપજતાં પરિવારમાં માતમ છવાઈ ગયો છે. આ અંગેની માહિતી મુજબ જામનગર શહેરના કાલાવડ નાકા, કલ્યાણ ચોકમાં રહેતા અયુબખાન અજીજખાન મોગલ (ઉ.વ.૪૮) નામના પઠાણ યુવક ઈદના તહેવાર દરમ્યાન તેમના પુત્ર એઝાજખાન અયુબખાન મોગલ (ઉ. વ.૧૧) તેમજ બેન રૂહીના અને જીયાન બાડા ગામથી આગળ રૂપારેલ નદીના ચેકડેમ પાસે નદીમાં ઉતરીને માછલાઓને મમરા નાખતા હતાં. તે દરમ્યાન એઝાજ મમરા નાંખતા-નાંખતા ઉંડા પાણીમાં જતા અને ડુબવા લાગતા પિતા સહિતનાઓએ બચાવવા માટે કોશિષ કરી હતી અને બુમો પાડતા ગામ લોકો આવી ગયા હતાં. ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતાં ફાયરના જવાનોએ એઝાજને બહાર કાઢતા તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જતાં જ્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતાં પોલીસ હેડ કોન્સ્ટેબલ ભાવેશભાઈ લાંબરીયાએ મૃતદેહનો કબ્જો સંભાળીને પીએમ માટે મોકલી દીધો હતો. આ બનાવથી પરિવારમાં માતમ છવાઈ ગયો છે.


# અમરેલીમાં છરીની અણીએ સગીરા પર પિતરાઈ ભાઈએ આચાર્યું દુષ્કર્મ



અમરેલીમાં ૧૭ વર્ષની માસુમ પિતરાઈ બહેનનું મધરાત્રિના સમયે તેના જ ઘરમાંથી અપહરણ કરીને મોટા બાપુ ના ભાઈએ પોતાની સગીર વયની પિતરાઈ બહેનને નદીના પટમાં લઈ જઈને છરીની અણીએ બળાત્કાર ગુજારવાની ઘટના બનતા ચકચાર જાગી છે. આ ઘટના અંગે પોલીસ મથકમાં જાહેર થયેલી વિગતો મુજબ અમરેલીમાં રહેતી શ્રમિક પરિવારની ૧૭ વર્ષીય સગીરાના મોટા બાપુના દિકરો જે તેનો પિતરાઈ ભાઈ થતો હોય તે તા. ૧૪/૦૯/૨૪ના રોજ સગીરા બિમાર પડતા મજુરી કામે ગઈ નહોતી અને એકલી ઘરે હતી. તે દરમ્યાન રાતના ૨૨/૦૦ વાગ્યે આરોપીએ પોતાની પિતરાઈ બહેન આવી સગીરા પાસે આવી તેની એકલતાનો લાભ લઈ છરી બતાવીને સાથે આવવા દબાણ કર્યું હતું. સાથે જવાની ના પાડતા આરોપીએ પોતાની જ પિતરાઈ બહેનના ગળાના ભાગે છરી રાખી સાથે આવવા કહ્યું હતું. તે દરમ્યાન સગીરાએ વિરોધ કરતા આરોપીના હાથમાં રહેલ છરીથી દાઢીથી નિચે ગળાના ભાગે છરી વડે ઈજા પહોચાડી હતી. તે ઘાવમાંથી લોહી નિકળવા લાગતું હતું. તે બાદ આરોપી તેની ઈચ્છા વિરૂધ્ધ તેનુ અપહરણ કરી ગંદુકામ કરવાના ઈરાદે આવેલ નદીના પટમાં લઈ ગયો હતો અને છરીની અણીએ બળાત્કાર ગુજારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પિતરાએ ભાઈએ જ વાસનામાં અંધ બનીને પોતાની માસુમ બહેન પર બળાત્કાર ગુજારતા લોકોમાં આરોપી સામે ટિકારની લાગણી વરસી રહી છે.

# ઉપલેટા નદીમાં ન્હાવા પડેલા યુવાનનું ડુબી જતા મોત





ઉપલેટા તાલુકાના વાડલા- સેવંત્રા ગામ વચ્ચેના તૂટેલા ચેકડેમ પાસે મોજ નદીમાં નહાવા પડેલા એક આશાસ્પદ યુવકનું પાણીના પ્રવાહમાં ડૂબી જતાં મોત નીપજ્યું છે. પોલીસે તપાસ હાથ ધરી છે. ઉપલેટામાં રહેતો ૨૫ વર્ષીય નિકુંજ હમીરભાઈ લુવા નામનો યુવક બપોરે મોજ નદી ખાતે નહાવા ગયા બાદ પરત ફર્યો નહોતો. જેને લઈને તેના પરિવાર દ્વારા શોધખોળ કરવામાં આવી હતી છતાં આ યુવકનો પતો નહીં લાગતા પોલીસને જાણ કરવામાં આવી હતી ત્યારે યુવક લાપતા હોવાની માહિતી મળતા તંત્ર શોધખોળ કરવા માટે બનાવ સ્થળ પર દોડી આવ્યું હતું જ્યાં સ્થાનિક તરવૈયાઓ દ્વારા શોધખોળ શરૂ કરી હતી અને લાંબી શોધખોળ બાદ મોડીરાત્રે ચેકડેમના હેઠવાસના ભાગના પાણીમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. યુવકના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢી ઉપલેટા સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. આ આશાસ્પદ યુવકનું મોત થતા તેના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. જો કે, આ મૃત યુવક સાથે અન્ય કોઈ હતું કે નહીં તે બાબતે તેમજ મોતની સમગ્ર ઘટના અંગે ભાયાવદર પોલીસ દ્વારા સમગ્ર મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે.

# આજે ગણેશ વિસર્જનમાં ૧૫૦૦ પોલીસ કર્મીઓનો શહેરભરમાં ચાંપતો બદોબસ્ત

## ૪ ડીસીપી, ૧૮ પીઆઈ, ૫૦ પીએસઆઈ સહિતના જવાનો તૈનાત
## ડ્રોન કેમેરાની બાજ નજર સાથે અફવા ફેલાવનાર વિરૂધ્ધ કાર્યવાહી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યમાં ઈદ એ મિલાદ અને ગણેશ વિસર્જનના બંને તહેવારોને ધ્યાનમાં રાખીને રાજકોટ શહેર સહિત તમામ જિલ્લા અને તાલુકા લેવલે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.જેમાં રાજકોટ શહેરના અલગ- અલગ વિસ્તારોમાં સંખ્યામાં પોલીસ જવાનો તહેનાત કરવામાં આવ્યાં છે. આ દરમિયાન રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રિજેશ ઝા અને જેસીપી મહેન્દ્ર બગરિયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, ડિસીપી ઝોન- ૧ સજનસિંહ પરમાર, ડીસીપી ઝોન- ૨ જગદીશ બંગારવા અને ડીસીપી ટ્રાફિક પૂજા યાદવની સૂચનાથી ટ્રાફિક પોલીસ અને તમામ પોલીસ મથકના સ્ટાફે સંવેદનશીલ વિસ્તાર તેમજ અલગ અલગ વિસ્તારોમાં ચાંપતી નજર રાખવામાં સૂચના અપાઈ છે.





રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રિજેશ ઝાની રાહબરીમાં શહેરના અલગ અલગ વિસ્તારોમાં પોલીસના ૧૫૦૦થી વધુ જવાનો તહેનાત કરવામાં આવ્યા છે. ત્રણ ડીસીપી, ૭ એ.સી.પી., ૫૦ જેટલા પીએસઆઈ, ૧૮ પીઆઈ અને ૧૫૦થી વધુ મહિલા પોલીસનો સ્ટાફ તેમજ આ સાથે સ્ટેટ રિઝર્વ પોલીસની કંપની અને રેપિડ એક્શન ફોર્સની કંપનીનો બંદોબસ્ત રહેશે તેવું જાણવા મળી રહ્યું છે. પોલીસ દ્વારા ધાબા પરથી પણ નજર રાખવામાં આવશે તેમજ ડ્રોન કેમેરાથી પણ ચાંપતી નજર રાખવામાં આવશે.તેમજ આ ઉપરાંત સોશિયલ મીડિયા પર અફવા ફેલાવનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.તેમજ વિસ્તારના થાણાં અધિકારીઓને પણ રાત્રે વિસ્તારમાં પેટ્રોલિંગ અને કોમ્બિનગ કરવા જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરતમાં ગણપતિ પંડાલ મા થયેલ પથ્થરમારા ની ઘટના બાદ રાજ્ય પોલીસ દ્વારા ખાસ એક્શન લેવામાં આવી રહ્યા છે ત્યારે રાજકોટ શહેરમાં ગણપતિ વિસર્જન તેમજ ઈદ એ મિલાદના તહેવાર દરમિયાન કોમી-એક્તા જળવાઈ રહે તે માટે રાજકોટ શહેરના તમામ પોલીસ મથકોમાં થાણા અધિકારીઓ દ્વારા શાંતિ સમિતિની મીટિંગ રાખવામાં આવી હતી.તેમજ સમાજ વચ્ચે વૈમનસ્ય ન ફેલાય તેની તકેદારી રાખવા આગેવાનોને જણાવવામાં આવ્યું હતું.

# પીપળીયા ગામે પરિણીતાનો કુવામાં ઝંપલાવી આપઘાતનો પ્રયાસ

પીપળીયા ગામે રહેતા મયુરીબેન ખુમાણે શાપર પોલીસમાં પતિ ધર્મેશ, સાસુ ભાનુબેન, દેર મહેશભાઈ, સસરા નાથાભાઈ, નણંદ દયાબેન સહિતના નામ આપી ત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવી છે. જેમાં તેણીના લગ્ન સાત મહિના પુર્વે થયા બાદ સંયુકત કુંટુંબમાં રહેતા હતા. બે મહિના લગ્ન જીવન સારૂ ચાલેલ બાદ સાસુ ઘરકામ બાબતે મેણા મારતા હોવાથી પતિને વાત કરતાં તેણીને ગાળો આપી ત્રાસ આપતા હતા. અને સસરા તેણીના પિતાને ફોન કરી કહેતા કે તમારી દિકરીને કાંઈ રાંધીને દેતી નથી તેમજ નણંદ ફોન કરી પતિ અને સાસુને ચડામણી કરતા હોવાથી અવાર નવાર ઘરમાં ઝઘડાઓ થતા તેણી કંટાળી તેના પિતાના ઘરે જતી રહી હતી. બાદમાં પતિએ તેણીની માતાને ફોન કરી તમારી દિકરી મારે જોતી જ નથી મારે છુટાછેડા લેવા છે.તેમ વાત કરતા હોવાથી તેણીને લાગી આવતા બાજુમાં આવેલ કુવામાં તેણીએ ઝપલાવી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાની પરિવારને જાણ થતા તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જયાં સારવારમાંથી રજા આપ્યા બાદ ઉપરોકત આરોપીઓ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કુષ્ણનગરના યુવાનને માતાએ ઠપકો આપતા ઝેરી દવા પી કર્યો આપઘાત

## હલેન્ડા ગામે શ્રમિક યુવાને ઝેરી દવા પી લેતા સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં સ્વામિનારાયણ ચોકમાં આવેલા કૃષ્ણનગરમાં રહેતા યુવકને જનેતાએ દારૂ પી ઝઘડા નહીં કરવા ઠપકો આપતા યુવકને લાગી આવતા ભક્તિનગર સર્કલ પાસે ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હતું યુવકના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ સ્વામિનારાયણ ચોક પાસે આવેલા કૃષ્ણનગરમાં રહેતા વિજય હસમુખભાઈ કોટક નામનો ૪૦ વર્ષનો યુવાન સવારના સાડા નવેક વાગ્યાના અરસામાં ભક્તિનગર સર્કલ પાસે હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં યુવકનું સારવાર દરમિયાન મોત



નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં મૃતક વિજય કોટક બે ભાઈ બે બહેનમાં વચ્ચેટ હતો અને તેને સંતાનમાં બે પુત્ર છે વિજય કોટક દારૂ પી ઘરમાં ઝઘડા કરતો હોવાથી માતાએ ઠપકો આપ્યો હતો જેથી માતાના ઠપકાથી માઠું લાગતા વિજય કોટકે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું હોવાનું જાણવા મળ્યું છે. બીજા બનાવમાં ભાવનગર રોડ ઉપર આવેલા હલેન્ડા ગામે ખેત મજૂરી અર્થે આવેલા વિશાલ ભીમજીભાઈ નાયક નામના ૨૪ વર્ષના યુવાને કોઈ અગમ્ય કારણસર અજય પરમારની વાડીએ ઝેરી દવા પી લીધી હતી યુવકને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સંસ્થાના એકાઉન્ટમાંથી ૩૩.૩૬ કરોડની છેતરપિંડીના કેસમાં ટી.વી. સ્વામીના આગોતરા મંજુર કરતી હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સોખડા સ્વામિનારાયણ સંપ્રદાયના વડા સંત હરિપ્રસાદ સ્વામીના દેહવિલય બાદ સંપ્રદાયમાં પ્રબોધ સ્વામી જૂથ અને ટી.વી. સ્વામી જૂથ વચ્ચે વિખવાદ શરૂ થયા હતા, દરમિયાન આણંદ જિલ્લાના વિદ્યાનગરના બાકરોલ મુકામે આત્મીય વિદ્યા ધામના મેનેજર પવિત્ર હર્ષદરાય જાનીએ સંપ્રદાયના જ રાજકોટ સર્વોદય કેળવણી સમાજ ટ્રસ્ટના ધર્મેશ રમેશચંદ્ર જીવાણી, વૈશાખી ધર્મેશ જીવાણી, નિલેશ બટુકભાઈ મકવાણા, ટ્રસ્ટના સેકેટરી અને વહીવટકર્તાઓ વિરૂધ્ધ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. તેમાં સર્વોદય કેળવણી સમાજ ટ્રસ્ટ સાથે આરોપીઓની ઈન્ફિનિટી વર્કસ, ઓમની ચેનલ પ્રા.લી. કંપની સાથે ડમી કરાર કરી કરાર આધારીત કોઈ સેવા પુરી પાડેલ ન હોય અને આત્મીય ટેક ઉત્કર્ષ નામના બેંક એકાઉન્ટમાંથી મોટી રકમ ટ્રાન્સફર કરી ઉચાપત કરી હોવાનું તેમજ સર્વોદય કેળવણી સમાજ સંચાલીત જુદી એડવોકેટ જુદી સંસ્થાઓમાં ભુતીયા કર્મચારીઓ ઉભા કરી તેઓના ખાતામાં રૂપીયા જમા કરાવી આશરે ૩૦ કરોડની રકમનો અંગત લાભ માટે ઉચાપત કરી આશરે કુલ રૂા.૩૩.૩૬ લાખ સર્વોદય કેળવણી સમાજ ટ્રસ્ટમાં છેતરપિંડી તથા વિશ્વાસઘાતનો ગુન્હો દાખલ કરાવેલ. જે સબબ પોલીસ દ્વારા ધરપકડની દેહશતથી સાધુ ત્યાગવલ્લભદાસ ગુરૂ હરીપ્રસાદદાસજી (ટી.વી.સ્વામી)એ એડવોકેટ સુરેશ ફળદુ મારફતે સેશન્સ અદાલતમાં કરેલી આગોતરા જામીન અરજી નામંજુર થતા હાઈકોર્ટમાં કવોશિંગ પિટિશન દાખલ કરતા ત્યાગવલ્લભ સ્વામીની ધરપકડ સામે સ્ટે મેળવવામાં આવ્યો હતો. જે હુકમને ફરીયાદી પવિત્ર જાનીએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો, જેમાં ટી.વી. સ્વામીને હાઈકોર્ટમાં ધરપકડ સામે મળેલ રક્ષણ ચાલુ રાખવામાં આવેલું અને તે અન્વયે રીઝનિંગ હુકમ કરવા હાઈકોર્ટને જણાવવામાં આવતા હાઈકોર્ટ દ્વારા ફરી મેટર સાંભળી ધરપકડ અન્વયે રીઝનિંગ ઓર્ડર કરતા તે હુકમ સામે ફરીયાદી પવિત્ર જાનીએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી પિટિશન કોર્ટે કડક વલણ અપનાવતા પરત ખેંચી હતી. બાદ ત્યાગવલ્લભ સ્વામીની હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી પેન્ડિંગ હતી. દરમીયાન ક્વોશિંગ પિટિશનમાં હાઈકોર્ટે પોલીસને ચોકકસ દિશા નિર્દેશ આપતો ફરમાવેલો હુકમ ફરીયાદી પવિત્ર જાનીએ ફરી સુપ્રીમ કોર્ટમાં પડકારતા ફરી સુપ્રીમ કોર્ટ દ્વારા કડક વલણ અપનાવી ફરીયાદીની પિટિશન ફગાવી દઈ ટી.વી.સ્વામીનું અટકાયત સામેનું રક્ષણ ચાલુ રાખેલ હતું.

# રાજકોટના અટીકા ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં પરપ્રાંતિય યુવાનને તાવ ભરખી ગયો

અટીકા ઈન્ડસ્ટ્રીમાં રહેતા ૨૨ વર્ષના યુવાનનું તાવમાં સપડાયા બાદ મોત આરોગ્ય વિભાગમાં દોડધામ મચી જવા પામી છે. અટીકા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તાર - ૪માં રહેતો રમેશ રામપાલ સોનકર (ઉ.વ.૨૨)ને ગઈકાલે રાત્રે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બેભાન હાલતમાં ખસેડવામાં આવ્યો હતો. અને અહીં ફરજ પરના તબીબોએ તેને તપાસી મૃત જાહેર કર્યો હતો. આ મામલે પોલીસે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, મૃતક રમેશ અપરણીત છે. તે મૂળ ઉત્તર પ્રદેશનો રહેવાસી છે. રાજકોટમાં ઘણા સમયથી રહી તે મજૂરી કામ કરતો હતો. ચારેક દિવસથી તેની તબિયત ખરાબ હતી. તેણે નજીકના કોઈ ક્લિનિકમાંથી દવા લીધી હતી પરંતુ ફેર પડ્યો નહોતો. તેને સતત તાવ વધી રહ્યો હતો.ગઈકાલે તે પોતાની ઓરડીમાં હતો ત્યારે અચાનક બેભાન થઈ જતા તત્કાલ તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અને અહી તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.